

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કર્યો વિનાશ વનરાઈનો, ભોગવો હવે !*
*પૂર્યાં સેલોર, કૂવા, તળાવ ભોગવો હવો !*
*ઊભી કરી સિમેન્ટી ભઠ્ઠીઓ, ભોગવો હવે !*
*તરસે માર્યાં રાની પશુઓ - ભોગવો હવે !*

### હાઈકુ

*વાવ્યાં વડીલે*
*કાપ્યાં કરવતથી*
*વાગે છે હૈયે*

*લાગ લવારો !*
*બોલાવે છે બફારો -*
*સૌનો ભવાડો*

### ચિંતન

**એવં સ્થૂલં ચ સૂક્ષ્મં ચ શરીરં નાભિકાન્યતે ।**
**પ્રત્યજ્ઞાનશિખિદ્વસ્તે મિથ્યાજ્ઞાન સહેતુકે ॥**

ઉપરોક્ત શ્લોક જ્ઞાન સૂત્રમાંથી લેવામાં આવ્યો છે.

જે રીતે જ્ઞાની પુરુષ સ્થૂલ તથા સૂક્ષ્મ શરીરને પોતાનું માનતો નથી કારણ કે પ્રત્યગાત્માના જ્ઞાનરૂપ અગ્નિથી તેનું મિથ્યા જ્ઞાન કારણ સાથે નાશ પામ્યું છે.

શરીર અને આત્મા ભિન્ન છે. સૂક્ષ્મ અને સ્થૂળ શરીરને જ્ઞાની લોકો જાણી ને સમજી શકે છે. આને કારણે તે સુખ-દુખ-રોગ-પીડા જેવી અનુભૂતિઓથી પર રહી શકે છે. અર્થાં જ્ઞાનરૂપ અગ્નિને કારણે મિથ્યા જ્ઞાન બળીને ભસ્મ થઈ જાય છે.

### સુવિચાર

- રોજ મંદિર મેં સુબહ ઘંટી બજાતા હું, સોયા હુઆ ખુદ હું ઔર ભગવાન કો જગાતા હું **- ઈકબાલ મલીક**
- ચકલી ચૂંથી નાખવામાં ગરૂડનું ગૌરવ હોતું નથી - **એસ ભટ્ટાચાર્ય**
- એક માણસની બુદ્ધિ બધા માણસોનું ડહાપણ બને ત્યારે કહેવતનો જન્મ થાય છે - **માર્ગરિટ ફુલ્લર**
- આપણું મુખ્ય કામ દૂર-દૂરના ઝાંખા પ્રકાશને જોવાનું નથી, પરંતુ આપણું કામ તો હાથવગા દીવડાને કામમાં લેવાનું છે. - **થોમસ કાર્લાઈલ**
- જ્ઞાની માનવીને જગત લોભાવી શકતું નથી. માછલીઓની કૂદાકૂદથી સાગર છલકતો નથી. - **ભર્તૃહરિ**
- ગમે તેને વશ કરવું તે પુરૂષાર્થની સીમા છે પરંતુ પોતે એને વશ ન થઈ જવું એ સંયમ છે. - **નીતિશાસ્ત્ર**
- આજનું ઔષધ : જામફળના કુણા પાન અને કાથો ચાવીને ખાવાથી મોંના ચાંદા મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પરિસ્થિતિ વિષમ હોય ત્યારે જો સબળ સંકલ્પ પૂર્ણ આત્મશ્રદ્ધાસાથે કરવામાં આવે તો કઠિન કાર્ય પણ સફળ થાય છે અને મુશ્કેલીમાંથી પણ બહાર નીકળી શકાય છે.

એક રાજા પર રાણીને ગુસ્સો આવ્યો. રાણી મહેલ છોડી ચાલ્યાં. રાજાએ પૂછ્યું, ક્યાં જાઓ છો ? રાણીએ ગુસ્સામાં કહ્યું, તમારે શું ? રાજાને ગુસ્સો આવ્યો. એણે કહ્યું, જાઓ ત્યારે. હવે પાછાં ન આવતાં.

રાણી ચાલવા લાગી પણ રાજાએ જોયું તો રાણીની પાછળ પાછળ તેમના દાસી, નોકર-ચાકર, મંત્રીઓ અને સેનાપતિ સહિત આખું સૈન્ય ચાલવા લાગ્યું. રાજા સાવ એકલોઅટૂલો થઈ ગયો. તેને રાણીનું મૂલ્ય સમજાયું. રાજાએ રાણીને ખૂબ મનાવવા પડ્યાં. ખૂબ વિનંતીઓ કરી ત્યારે રાણીબા પાછાં ફર્યાં ને એમની સાથે ગયેલાં બીજા બધાં જ પાછા વળ્યાં.

આપણી જિંદગીના પરિપ્રેક્ષ્યમાં જિંદગી રાજ્ય હોય તો આપણે આ રાજા છીએ અને આત્મશ્રદ્ધા આપણી મહારાણી.

# ગુજરાત પાસે ગૌરવ લેવા જેવું ઘણું છે

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત રાજ્ય એની ઉંમરના સાઠમા વર્ષમાં પ્રવેશ્યું છે ત્યારે એના છ દાયકાના જીવન દરમિયાન એમે કેવી ચડતીપડતી અનુભવી, કેવી લીલીસૂકી જોઈ એનું સરવૈયું માંડીએ તો એટલો સંતોષ જરૂર લઈ શકાય કે સુવિધાઓ અને સુરક્ષા જેવા મુદ્દે ગુજરાત દેશનું પ્રથમ નંબરનું રાજ્ય છે, જેનો સ્વીકાર દેશનાં અન્ય રાજ્યો પણ મને-કમને કરતાં રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રણ ત્રણ વાર ગુજરાત વિધાનસભાની ચૂંટણી જીતીને હેટ્રિક લગાવી ત્યારે દેશભરમાં એમની એક છાપ વિકાસ પુરુષની બની હતી અને દેશ આખામાં 'ગુજરાત મોડલ' અમલી બનાવવાની નેમ સાથે એમને પાર્ટી તથા આરએસએસ દ્વારા વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પસંદ કરાયા હતા. ગુજરાત મોડલ વિશે કેટલાક નકારાત્મક ખ્યાલો પણ પ્રવર્તતા હશે પરંતુ દેશની પ્રજાને આજે પણ દેશનું સૌથી પ્રગતિશીલ અને સંસ્કારી રાજ્ય ગુજરાત જ લાગે છે. અપવાદરૂપ ગણી શકાય એવી દુર્ઘટનાઓમાં ગુજરાતના પુણ્યપુરુષો રવિશંકાર મહારાજ અને ઈન્દુલાલ યાજ્ઞિકને ન ગમે એવાં ગુજરાતમાં થતાં રહેતાં કોમી રમખાણો છે, જે ગોધરાકાંડ પછીના મહિનામાં પરાકાષ્ટાએ પહોંચ્યાં હતાં. અને ત્યાર પછી લગભગ ક્યારેય કરફ્યૂ નાખવાની પરિસ્થિતિ ઊભી ન થાય તે હદે ગુજરાત ડાહ્યુંડમરું બની રહ્યું છે. એ સાચું કે દેશને ખરા સમયે દોરવણી માટે ગુજરાત તરફ જ નજર કરવી પડી છે. ગુજરાતના દયાનંદ સરસ્વતીએ ધર્મક્ષેત્રે ક્રાંતિ કરી અને ગુજરાતના જ સપૂત મહાત્મા ગાંધીએ અહિંસક સત્યાગ્રહના અમોઘ શસ્ત્ર દ્વારા અંગ્રેજ રાજ સામે લાંબી લડાઈ લડીને દેશને આઝાદી અપાવી. ગાંધીજીના હનુમાન તરીકે ઓળખાતા સરદાર પટેલની કુનેહ અને દૂરંદેશીને લીધે અંગ્રેજોની કૂટનીતિને માત મળી. અંગ્રેજો તો દેશી રજવાડાંને જે રીતે રહેવું હોય તે રીતે રહેવાની છૂટ આપીને નીકળી ગયા હતા. દેશી રજવાડાંને સમજાવી પટાવી અને હૈદરાબાદ જેવા રાજ્યના નિઝામને ચીમકી આપી સરદાર પટેલે ભારતીય રાજ્યોના સંઘ સાથે જોડાવાની ફરજ પાડી. જૂનાગઢના નવાબને રાત માથે લઈ નાસી જવું પડ્યું. ગુજરાતે આ છ દાયકા દરમિયાન ઢેબરભાઈ, જીવરાજ મહેતા, બાબુભાઈ જશભાઈ અને હિતેન્દ્ર દેસાઈ જવા પવિત્ર મુખ્યમંત્રીઓ જોયા તો વળી જ્ઞાતિવાદી મુખ્યમંત્રીઓ પણ જોયા. ગુજરાતની પછાત જ્ઞાતિઓ માટેના કલ્યાણ માટે અને દેશભરમાં મધ્યાહ્ન ભોજન જેવી કલ્યાણકારી યોજના દાખલ કરવા માટે માધવસિંહ સોલંકી લાંબા સમય સુધી યાદ રહેશે. નર્મદા માટે ઝઝૂમવા માટે ચીમનભાઈનો જોટો નહીં જડે. કેશુભાઈએ કેસરિયા પાર્ટીનો માણેકથંભ જરૂર રોપ્યો પરંતુ ક્યારેય કટ્ટરવાદી કે પક્ષપાતી વલણ નથી અપનાવ્યું. શંકરસિંહ વાઘેલાએ તોડફોડની રાજનીતિ કરીને પણ ટનાટન સરકાર ચલાવી અને જડબેસલાક નિર્ણયો લીધા. અમરસિંહ ચૌધરીએ દુષ્કાળનાં વર્ષોમાં ગુજરાતને હેમખેમ રાખી નવી જ ભાત પાડી. આસારામથી લઈ મોરારિબાપુ અને પ્રમુખસ્વામી સુધીના ધર્માધ્યક્ષોમાં સ્વામી સચ્ચિદાનંદ સાચા લોકાભિમુખ સંત તરીકે પ્રતિષ્ઠિત થયા. ગુજરાતે દેશને મોરારજી દેસાઈ અને નરેન્દ્ર મોદી જેવા બે કર્ણધારો આપ્યા. સાઠમા વર્ષે ગુજરાત પાસે સિદ્ધિઓનો આંકડો ઘણો મોટો છે. દેશના સૌથી ધનિક ઉદ્યોગપતિ મુકેશ અંબાણી ગુજરાતી છે, તાતા ગુજરાતી છે અને ઉમાશંકર-પન્નાલાલ-રાજેન્દ્ર શાહ કે રઘુવીર ચૌધરી જેવા સમર્થ સર્જકો ગુજરાતે આપ્યા છે એ કેમ ભુલાય ?

# સમાજજીવનથી ભરેલી નવલિકાઓનો સંગ્રહ

ઉત્તમ સાહિત્ય પ્રકાશન દ્વારા પ્રકાશિત ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદીના 'પ્રસવ' નવલિકા સંગ્રહમાં કુલ ૨૬ નવલિકા છે. શ્રી આસ્થાવાદીની કેટલીક નવલિકાઓમાં બાઈબલનું કથાવસ્તુ લેવામાં આવ્યું છે. મતલબ કે અહીં કેટલીક એવી નવલિકાઓ છે કે જે બાઈબલની ઘટના કે પ્રસંગ પર આધારિત છે. અહીં વિરલ શબ્દોનો પ્રયોગ વધારે વાંચવા મળે છે.

આ સંગ્રહની મોટાભાગની નવલિકાઓમાં સમાજજીવન જોઈ શકાય છે. યુવક અને યુવતીના પ્રેમની વાત છે. સ્વજનના મૃત્યુથી અનુભવાતા આઘાતની વાત પણ અહીં આલેખવામાં આવી છે. પ્રથમ નવલિકાનું શીર્ષક 'કમળમાં કેદ થયેલો ભ્રમર' છે. સ્નેહલગ્નનો મહિમા દર્શાવતી આ નવલિકામાં સુરેખા, સુકેતુ અને પ્રેયસ નામનાં ત્રણ મુખ્ય પાત્રો છે. 'પથ્થરો ખડખડાટ હસી પડ્યા' અને 'દરિદ્રી વિધવાની દમડી' નવલિકાઓમાં બાઈબલના પ્રસંગોનો આધાર લેવામાં આવ્યો છે. 'પાદરીની બદલી'માં બદલીથી નારાજ પાદરીની વાત છે. આ પાદરી; બદલીનો પત્ર મળતાં જ નારાજ થઈ ાય છે. ઉપરીને વળતો પત્ર લખે છે અને તેમાં તે પોતાની નારાજગી વ્યક્ત કરે છે. નવલિકાના અંતે વાંચવા મળે છે કે પાદરીની બદલી મોકૂફ કરવામાં રાખવામાં આવે છે. 'શિશુની શ્રેષ્ઠ પાઠશાળા - ઘર'માં લેખકે અખબારી ઘટનાનો આધાર લઈ મૌલિક નવલિકા રચી છે. થોડાં વર્ષ પૂર્વે અમદાવાદના એક આશ્રમમાં કેટલાંક બાળકો મોતને ભેટ્યા હતા. આ બાળકોનાં અપમૃત્યુ અંગે અનેક અટકળો ઊભી થઈ હતી. પ્રસ્તુત નવલિકામાં એક દંપતિ અને એમના પુત્રની વાત છે. આ દંપતિ પુત્રને હોસ્ટેલમાં મૂકે છે. જોકે અહીં આપવામાં આવતા શિક્ષણમાંથીતેમનો વિશ્વાસ ઊઠી જતાં તેઓ તેમના પુત્રને ઘરે લાવી દે છે.

'આઘાત'માં મા-દીકરી વચ્ચેનો લગાવ છે. માતા પ્રેમિલાબહેનની ઉંમર પંચોતેર છે. તેમની દીકરી કુસુમ ઈંગ્લેન્ડમાં રહે છે. નવલિકામાં બને છે એવું કે કુસુમને માતાના અવસાનના સમાચાર મળે છે. તે તરત જ ઈંગ્લેન્ડથી ભારત આવવા રવાના થાય છે. કથાનો આરંભ જ આ ઘટનાથી થાય છે. મધ્યભાગમાં લેખક અન્ય જરૂરી વિગતો આલેખે છે. 'દાંતના ડૉક્ટર'માં શીર્ષક અનુસાર દાંતના ડૉક્ટરની જ વાત છે. જોકે આ દાંતના ડૉક્ટર બીજું કોઈ નહીં પણ નવલિકાના નાયક નિવૃત્ત શિક્ષક, હસમુખરાયના વિદ્યાર્થી છે. શિક્ષકને દાંતમાં સણકો ઉપડતાં તે દવાખાને જાય છે. અહીં ડૉક્ટર તરીકે ફરજ બજાવનાર તેમનો વિદ્યાર્થી નીકળે છે. દરેક મા-બાપ માટે દીકરીને સાસરે વળાવવાનો અવસર પીડાદાયક છે.

'ચકલી ઊડી ગઈ'માં મૌલિક અને પ્રમીલાની દીકરી આશાની વાત છે. તામિલનાડુનો સ્નેહલ, મૌલિક અને પ્રમીલાની દીકરી આશા માટે છેક તામિલનાડુથી જાન લઈ નડિયાદ આવે છે.

સંગ્રહની શ્રેષ્ઠ વાર્તા તરીકે 'ગાડી ઉપડી ગઈ'ને લેખી શકાય. પ્રેમમં પાગલ બની બેઠેલા યુવક-યુવતી ઘણીવાર અયોગ્ય પગલું ભરી બેસે છે. પરિણામે વેઠવાનું માબાપને આવે છે. પ્રેમમાં અંધ બની બેઠેલા યુવક-યુવતી માટે આ નવલિકા લાલબત્તી સમાન છે. અહીં કૃપા નામની યુવતી છે કે જે કેયૂર નાના લોલુપ પ્રેમીના પ્રેમમાં પાગલ બની પોતાના માબાપને છોડવા તૈયાર થઈ ગઈ છે. પ્રારંભે રાત્રિનું શબ્દચિત્ર આલેખવામાં આવ્યું છે. રાત્રિના ૧૧ વાગ્યા છે અને કૃપા ગૃહત્યાગના વિચારને આખરી અંજામ આપવાની કશ્મકશમાં છે. એ જ વખતે પેલો કેયૂર તેને વારંવાર ફોન કરી રેલવે સ્ટેશન આવી જવા જણાવે છે. એ દરમિયાન એક નવો વળાંક આવે છે કે પોતાના નિર્ણયમાં દઢ કૃપા ગૃહત્યાગનો વિચાર કૅન્સલ કરી નાખે છે.

લેખકની ચેતના નાતાલ જેવા તહેવારને વધારે સ્પર્શી છે. 'નીતાની નાતાલ' પ્રેરક અને હિંમત બક્ષનારી નવલિકા છે. નિરાશાની ગર્તામાં ધકેલાયેલા કોઈપણ માનવીને ચેતનવંતો અને આશાવાદી બનાવે એવી આ નવલિકામાં નાતાલની પૂર્વ સંધ્યાના સમયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભ્રષ્ટાચાર કે લાંચના દૂષણને લેખકે આ નવલિકાના માધ્યમથી ઉઘાડું કર્યું છે.

આ સંગ્રહમાંથી પસાર થતાં એવી પણ પ્રતીતિ થાય છે કે લેખકે સંવેદનાની સાથે સાથે માનવમૂલ્યોને પણ પોતાની કૃતિઓમાં તાક્યા છે. દરેક કૃતિ કોઈ ને કોઈ સંદેશો છોડી જાય છે.

પુસ્તક : પ્રસવ (નવલિકા સંગ્રહ)
લેખખ : ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી
કિંમત : રૂા. ૧૩૦
પ્રકાશક : ઉત્તમ સાહિત્ય પ્રકાશન
પ્રિમા ઍપાર્ટમેન્ટ, નર્સિંગ સ્કૂલ સામે
મિશન રોડ, નડીઆદ

**- અમિત ચૌહાણ**

# આપણે આપણા વર્તન દ્વારા બાળકને સારી આદતોની ભેટ આપી શકીશું તો ધન-દોલત કે જાગીરનો વારસો આપવાની જરૂર નહીં રહે



**અબીલ-ગુલાલ**

મમતા રાવલ

છેલ્લા બે લેખથી સંતાનની આસપાસની આપણી સૃષ્ટિની વાત કરી રહ્યા છીએ. આ વાર્તાલાપ દરમ્યાન કોઇના મનમાં પોતાનો સંદર્ભ પોતાના માતા-પિતા સાથે જોડીને વિચારવાનો ખ્યાલ તો આવ્યો જ હોવો જોઇએ. આપણે આપણા દ્વારા થતી વર્તણૂંક, ચેષ્ટાઓ, વિચારોની પેટર્નને

**બાળપણ અને ઘડપણ વચ્ચે અનેક આટાપાટામાંથી પસાર થતું જીવન, બાળપણના મીઠા સંસ્મરણના ભરાયેલા ઈંધણ પર જ નભે છે**

સૂક્ષ્મ રીતે નિહાળીશું તો એમાં આપણને ક્યાંક માતા-પિતાની ઝલક જરૂર વર્તાશે આ હકીકત છે. જાતે અનુભવેલી એક હૃદયસ્પર્શી વાત અહી શેર કરવાનું મન થાય છે.

એક ટ્રેનીંગ પ્રોગ્રામમાં ફેકલ્ટી તરીકે જવાનું થયું. ત્રિદિવસીય આ વર્કશોપમાં ૩૦-૪૦ જેટલા બુધ્ધિજીવી મહાનુભાવો સાથે રોજ જીવનલક્ષી અલગ-અલગ વિષયો પર ચર્ચાઓનો દોર પૂરજોશમાં રહેતો. બુધ્ધિકેન્દ્રી વ્યક્તિત્વો સાથે સંવેદનાકેન્દ્રી વાર્તાલાપ ચેલેન્જ હતી...પરંતુ અનુભવ થી અનુભવ્યું છે કે દરેક વ્યક્તિના જીવનમાં સંવેદના-લાગણી કેન્દ્ર સ્થાને જ હોય છે પરંતુ કોઇ મજબુરી કે ધક્કો એને નિષ્ઠુર બુધ્ધિની દુનિયામાં ધકેલી દે છે. આવું જ કંઇક છેલ્લા દિવસે અનુભવાયું...જ્યારે એકેં છજી ઓફિસરે પોતાની બાલ્યાવસ્થાની વાત કરી. તેમણે પોતાના બાળપણની વાત કરતાં કહ્યું કે બે ભાઇઓ અને માતા-પિતાનો એમનો પરિવાર એક નાના ગામમાં મહેનત મજૂરી કરીને ગુજરાન ચલાવતો. સમય જતાં પિતાને દારૂની લત એવી લાગી કે પરિવારની ખુશી રોળાઇ ગઇ. કમાવાની જવાબદારી માતાના શિરે આવી. કમાવાની સાથે-સાથે માર-પીટ, ઝગડો-કંકાસ એ મા માટે રોજીંદુ થઇ ગયું. આ બધા વચ્ચે મા એ બે ભાઇઓ ને ભણાવ્યા. પરંતુ આગળ જતાં મોટા ભાઇએ પિતાનો રસ્તો લીધો અને જીવનની ખાનાખરાબી વ્હોરી લીધી. જ્યારે જીવનકથની કહેનાર ઓફિસરે કહ્યું કે મેં આંખે થી જોયેલા દશ્યો અને અનુભવેલી વેદનાએ મને તનતોડ મહેનતની પ્રેરણા આપી અને મેં મારી મા ના સ્વપ્નને પૂરું કરવાની નેમ લીધી. અને આજે આ સ્થાને છું. ભરાયેલા કંઠે આ વાત એમણે પૂરી કરી ત્યારે ઉપસ્થિત સહુ એમની વાતની સાથે-સાથે પોતાની જીવનયાત્રા જોઇ રહ્યા હતા...

બાળપણમાં આપણી આસપાસ ઘટતી ઘટનાઓ જાણે-અજાણે આપણા મન પર ઘેરી છાપ છોડી જાય છે. અમુક વ્યક્તિ સજાગ છે એ એના સારા-નરસા પાસાની સમજ કેળવી શકે છે. પરંતુ મોટા ભાગના લોકો માતા-પિતા દ્વારા થયેલા વર્તનો અને નિર્ણયોનો ગાઇડની જેમ ઉપયોગ કરે છે. એની યોગ્યતા ચકાસવાની ઉંમરે પહોંચતા સુધી આવું રેડીમેડ માળખું એમની આદત બની ચૂકી હોય છે.

કદાચ આટલાથી વાતનો મર્મ સ્પષ્ટ થઇ જ ગયો હશે...સાદી-સીધી વાત છે. જે અપેક્ષા બાળક પાસે છે એવું જીવવું પડશે. ઉદાહરણીય-અનુકરણીય વર્તન થકી કહેવાયેલી વાત, અસરકારક બની રહે છે. વાત કે ઉપદેશની અસર લાંબી ટકતી નથી.

ઘણા પરિવારોમાં નાની વાતમાં કલેશ-કંકાસ, ચિંતાઓનું વાતાવરણ હોય છે. અમુક અપવાદ બાદ કરતાં એમાં ક્યાંક ને ક્યાંક માતા-પિતાની ભૂમિકા જવાબદાર હોય છે. બાળક જન્મે ત્યારથી જેની પાસેથી વ્હાલ-હુંફ-સુરક્ષિતતા પામે છે એજ એના માટે ભગવાન છે. માતા-પિતા પર અત્યંત ભરોસો હોવાને લીધે બાળપણથી જ એમની દરેક બાબત બાળક માટે ધર્મગ્રંથ સમાન છે. સવારે ઊઠવાથી શરૂ કરીને રાત્રે સૂતાં સુધીની પ્રત્યેક દિનચર્યાનું બાળક સાક્ષી હોય છે. આપણે આપણા દ્વારા થતી દરેક પ્રક્રિયા દ્વારા બાળકને સારી આદતોની ભેટ આપી શકીશું તો ધન-દોલત કે જાગીરનો વારસો આપવાની જરૂર નહીં રહે. આપણી કમીઓ આપણે જાણીએ છીએ. સંતાન એ રસ્તે ન જાય એવું ઇચ્છનાર માતા-પિતાઓ એ માર્ગ છોડીને પોતાનું પણ શુભ કરી શકે છે.

સૂવા-ઊઠવાની આદત, જેમાં સમયસર સુવું અને સમયસર ઊઠવું ખૂબ અગત્યની ટેવ જે બાળકના જીવન માટે ખૂબ જરૂરી છે. સમયસર ન્હાવું-ધોવું એ સ્વચ્છતા ઉપરાંત મન સાથે જોડાયેલી પ્રક્રિયા છે એની વૈજ્ઞાનિક સમજ પણ આપણા દ્વારા સીધી કે આડકતરી રીતે એને પહોંચે છે. ખાન-પાન પણ જીવનની મહત્વની બાબતો માંથી એક છે. બાળક માટે જીવનની શરૂઆતથી ભાવે – ન ભાવે કે ગમે - ના ગમે નો કોઇ ફર્ક હોતો નથી. આ બધી જ બાબતો એ કુટુંબ - પરિવારની પાઠશાળા માંથી શીખે છે. મારું બાળક શાક ખાતું નથી કે દૂધ પીતું નથી એવી ફરિયાદ કરનાર માતા-પિતાએ પોતાની જીવન ડાયરી ચકાસવાની રહે છે. કેટલીકવાર માતા-પિતા ઉપરાંત બીજા કેટલાક એવા અસરકારક સ્ત્રોત્ર હોય છે જે બાળમાનસ પર કબજો જમાવે છે. બાળક સામે બીજા બાળકો કે ઘરની અયોગ્ય આદતોની ચર્ચા પણ ટાળી શકાય તો ઉત્તમ, જેથી બાળક માટે એ દિશાનો દ્વાર ખૂલતો જ અટકાવી શકાય છે. પ્રભુસ્મરણ એ જીવનનો મહત્વનો પાર્ટ છે. પ્રભુ ઈચ્છા વિના પાંદડું પણ હલી શકતું નથી, એ ખ્યાલ સાથે પ્રભુ પ્રત્યેની સમર્પિતતા એના સ્વમાનને અહમ્ કે ઘમંડ બનતા અટકાવશે. અને 'પરમ શક્તિમાં આસ્થા, નમ્રતા' વડીલોનો આદર-અન્યનું સન્માન જાળવવાની વૃતિ આપે છે. સંબંધોનો મહીમા, લોહીના સંબંધો અને મિત્રતાના સંબંધોમાં પોતાનો રોલ બખૂબી નિભાવી જાણનાર માતા-પિતા, સંતાનો ના ઉછેરમાં એક મજબૂત નીવ નાંખી આપે છે. માતા-પિતાની અન્ય સંબંધોમાં સંનિષ્ઠતા બાળમાનસ ને વફાદારી, જવાબદારી, સહનશીલતા, ઉદારતા જેવા ગુણોની ઓળખાણ કરાવે છે. મા-બાપને અન્ય લોકો સાથે ઉપરથી ખૂબ સારું વર્તન કરી પાછળથી એજ વ્યક્તિ માટે ઝેર ઓકતા જુએ ત્યારે બાળક મૂંઝવણ અનુભવે છે અને સંબંધોથી એક પ્રકારની રુખાઇ એનામાં જન્મ લે છે..સાચું શું એ સમજવા માટેની ક્ષમતા કેળવાય ત્યાં સુધી એ એકલપેટું બની ચૂક્યું હોય છે. આવા કેટલાય, વ્યક્તિત્વોના અનિચ્છનીય પાસાના મૂળ તેમના બાળપણમાં પડેલા હોય છે એ એની જીવન ગીતાના અભ્યાસથી સમજાય છે.

જે ઘરમાં બાળક સાથે યોગ્ય સંવાદની પ્રથા છે. વડીલોની છત્રછાયા છે ત્યાં વધુ સરળતા છે. પરંતુ વડીલની જવાબદારી પણ ઉછેરની ભૂમિકામાં ખૂબ અગત્યની છે. બધાનો સૂર એક હશે તો જ નાની લાગતી વાત, બિહામણી બનતા અટકશે. માતા-પિતા અને ખાસ કરીને વડીલો બાળકોને મીઠાં સંભારણા આપીને એની જીવન યાત્રા માટે ભાથું બાંધી આપી શકે છે. સુંદર વાર્તાઓથી, બાળરમતોથી, ધીંગામસ્તીથી હર્યું ભર્યું બાળપણ વ્યક્તિ માટે મૃત્યુશૈયા પર પણ એક મધુર સ્મૃતિ બની રહે છે. બાળપણ અને ઘડપણ વચ્ચે અનેક આટાપાટાપરથી પસાર થતું જીવન, બાળપણના મીઠા સંસ્મરણેના ભરાયેલા ઈંધણ પર જ નભે છે.

આ બાળઉછેર અને સંતાનલક્ષી વાતો અનંત છે. અનેક લેખો છતાં બધા જ સમાધાનો મળી જાય એવું થતું નથી. વાસ્તવિક રીતે હેન્ડલ કરવું જુદી વાત છે.

દુનિયાનો ગમે તેટલો વિકાસ થાય પરંતુ માણસનું મન-હદય સદીઓથી એજ છે અને એની ઝંખના પણ એજ છે એટલે દાળ-ભાત-શાક-રોટલી જેવા ખૂબ સાદી વાતોથી આ થાળ સજાવ્યો છે. બીજું જેટલું ઉમેરી શકીએ એ શાહી થાળ બની શકે.

જીવનભર દરેક પળ બાળક સાથે રહેવું શક્ય નથી પરંતુ આપણે આપેલું ભાથું એના અસ્તિત્વની અસ્મિતા બનીને એનું જીવન ઊજાળે એજ અભિલાષા સાથે...સૌને વેકેશનની મસ્તી મુબારક

'મારું જીવન એ જ મારો સંદેશ' રાષ્ટ્રપિતા ગાંધીની વાતનો હાર્દ આપણને આપણું બાળક સમજાવી જાય છે.

# કોણ બનશે ભારત ભાગ્ય વિધાતા ?



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

૧૯૫૨ માં પહેલી ચૂંટણી થઈ અને શ્રી જવાહરલાલ નહેરુ ભારતના પ્રથમ વડાપ્રધાન બન્યા. જવાહરલાલ પૂરા સત્તર વરસ વડાપ્રધાન રહ્યા. તેમનો અંતકાળ નજીક હતો ત્યારે દેશમાં ચર્ચા ચાલેલી કે નહેરુ પછી દેશનું શું થશે ? એમણે સ્વાતંત્ર્ય દિને લાલ કિલ્લા પર આપેલા ભાષણોનું એક પુસ્તક બન્યું છે. એનું નામ છે "આઝાદીકે સત્રહ કદમ." ઈતિહાસપ્રેમી સાહિત્ય રસિકોએ આ પુસ્તક જરુર વાંચવું જોઈએ. એ પછી લાલ બહાદૂર શાસ્ત્રી આવ્યા. પણ કમભાગ્યે એ વધુ જીવી શક્યા નહીં એ પછી આવ્યા ઈંદિરા ગાંધી. એ આવ્યા અને નવા નવા સૂત્રોનો દોર શરૂ થયો.ભાડુતી પ્રેક્ષકો લાવવાનું અને લોભામણા સૂત્રો આપવાનું એમણે શરૂ કર્યું. જે આજ સુધી ચાલુ છે.

૧૯૭૭ માં ઈંદિરા ગાંધી હાર્યા અને શ્રી મોરારજી દેસાઈ વડાપ્રધાન થયા.તેમણે એક પછી એક સુંદર પગલાં લેવા માંડ્યા. તેમના સમયમાં મોંઘવારી પર અસરકારક પગલાં લેવાયેલા. ઉત્તરપ્રદેશમાં એટલી બધી શેરડી પાકેલી કે ખાંડ જૂનાં જૂતાંના ભાવે મળતી થઈ ગયેલી. પણ જનતા પક્ષમાં અત્યારના વિરોધ પક્ષોની જેમ નેતાઓનો પાર નહોતો. બધાને વડાપ્રધાન બનવું હતું. તેમાં શ્રી ચરણસીંઘ ચૌધરી વડાપ્રધાન બન્યા. પણ ફરીથી ચૂંટણી થતાં ઈંદિરા ગાંધી પાછા આવ્યા.તે સમયે ઈંદિરાજી બે જગ્યાએથી ચૂંટણી લડેલા. રાયબરેલી ઉપરાંત તેઓ આંધ્રના ચિકમંગલુરમાંથી પણ જીતેલા.તે સમયે એક જબરું સૂત્ર ગજાવેલું. "એક ઈંદિરા સો લંગુર , ચિકમંગલુર ચિકમંગલુર" તેમનું ૧૯૮૪માં તેમના અંગરક્ષકો દ્વારા તેમની હત્યા થતાં કોંગ્રેસે તેમના પુત્ર શ્રી રાજીવ ગાંધીને વડાપ્રધાન બનાવવાનું નક્કી કર્યું. શ્રીમતી સોનિયા ગાંધીએ ઈંદિરાની ગોળીઓથી વીંધાયેલું શરીર નિહાળ્યું હતું. તેમણે રીતસર રાજીવ ગાંધીના પગ પકડીને રાજકારણમાં નહીં જવા કાકલુદી કરેલી. કમભાગ્યે ત્યારબાદ તેમને પતિ રાજીવ ગાંધીનો ટુકડે ટુકડા થઈ ગયેલા મૃતદેહને પણ જોવો પડ્યો. છતાં સત્તાનો મોહ કેવો ગજબનો છે કે હવે તેઓ પોતાના પુત્ર રાહુલ ગાંધીને ભાવિ વડાપ્રધાન તરીકે જોવા આતુર છે. રાજીવ ગાંધીના સત્તાકાળમાં બોફોર્સ તોપોનું કૌભાંડ શ્રી વિશ્વપ્રતાપસિંહે એવું ગજાવ્યું કે રાજીવની કોંગ્રેસ હારી ગઈ અને શ્રી વી.પી.સિંહ વડાપ્રધાન બન્યા. પણ વી.પી. સિંહે ગરીબોના હામી બનવાની ઘેલછામાં માંડલ પંચ નો અમલ કરવાનું નક્કી કર્યું.

ભારતીય જનતા પક્ષે ટેકો પાછો ખેંચી લીધો અને સરકાર ગબડી. એ પછી કોંગ્રેસના ટેકાવાળી શ્રી ચંદ્રશેખરની સરકાર બની. તે પછી થયેલી ચૂટણીઓમાં કોંગ્રેસ પૂરણ બહુમત ના મેળવી શકી , પણ શ્રી નરસિંહ રાવના નેતૃત્વમાં તેમણે પૂરા પાંચ વરસ સરકાર ચલાવી.(ભારતના કોઈ જ્યોતિષીએ વડાપ્રધાન પદે એમના નામની આગાહી કરી ન હતી.). ૧૯૯૩ માં શ્રી નરસિંહરાવના સત્તાકાળમાં શ્રી લાલ કૃષ્ણ અડવાણીજીએ સોમનાથથી અયોધ્યા સુધીની રથયાત્રા કાઢી. બાબરી મસ્જિદનું પતન થયું. ત્યારે એક નવું સૂત્ર બધે ચલાવાયેલું. "યહ તો કેવલ ઝાંકી હૈ, કાશી-મથુરા બાકી હૈ." નવી ચૂટણીઓ થતાં અટલબિહારી બાજપાઈ સોળ દિવસ માટે વડાપ્રધાન બન્યા. બીજા પક્ષોનો ટેકો નહીં મળતાં બાજપાઈ ગયા અને શ્રી એચ.ડી.દેવગોવડા વડાપ્રધાન બન્યા. એ ગયા અને શ્રી આઈ.કે. ગુજરાલ વડાપ્રધાન બન્યા. એ પણ ગયા અને બાજપાઈની ફરી ટેકાવાળી સરકાર બની. ૧૯૯૯ માં નવી ચૂટણીઓ થતાં બાજપાઈ ત્રીજીવાર વડાપ્રધાન બન્યા. આ વખતે એમણે પૂરા પાંચ વર્ષ જોડાણવાળી સરકાર ચલાવી એ બહુ અગત્યની વાત હતી. દરેક ચૂટણીમાં ભારતીય જનતા પક્ષ શ્રી રામનું મંદિર બનાવવાની જાહેરાત બહુ જોરશોરથી કરતો હતો. એમનું સૂત્ર હતું. " સૌગંધ રામકી ખાતે હૈં, મંદિર વહીં બનાયેંગે" આ શબ્દો મેં શ્રી બાજપાઈના મોઢે પણ સાંભળ્યા છે.તેમના વિરોધીઓ આ સૂત્રને આગળ લઈ ગયા. " સૌગંધ રામકી ખાતે હૈં, મંદિર વહીં બનાયેંગે, મગર તારીખ નહીં બતાયેંગે." રામમંદિર બનાવવાના વચનની સાથોસાથ ભારતીય જનતા પક્ષનું એક બહુ મોટું વચન કાશ્મીરમાંથી ૩૭૦ ની કલમ રદ કરવાનું કાયમ રહ્યું છે. બંને વચનો શ્રી નરેંદ્ર મોદીની જબરદસ્ત બહુમતીવાળી સરકાર રચાયા બાદ પણ બાકી રહ્યાં છે. હિંદુ મુસ્લિમ એકતાથી કદાચ મંદિર બની શકે પણ કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ તો ખુદ કાશ્મીરની પ્રજાના સહકાર વગર દૂર કરવી અઘરી છે. શ્રી બાજપાઈના પાંચ વરસના કાર્યકાળ પછી આવેલી ચૂંટણીમાં " ઈંડિયા શાઈનીંગ " બહુ ચગ્યું. પણ એમાં ભાજપ ઝાંખો થઈ ગયો અને કોંગ્રેસ ફરીથી સત્તામાં આવી.શ્રીમતી સોનિયા ગાંધીએ વડાપ્રધાન બનવાનું સ્વીકાર્યું નહીં.

શ્રી મનમોહનસિંહ દસ વરસ વડાપ્રધાન રહ્યા.( આ પણ કોઈ જ્યોતિષી ભાખી શક્યા ન હતા.) વિશ્વમાં આવેલી આર્થિક કટોકટીમાંથી તેઓ ભારતને બહાર લાવી શક્યા. પણ પાછલા પાંચ વરસોમાં તેમના સાથીપક્ષો દ્વારા આદરાયેલા ભ્રષ્ટાચાર પર કાબુ રાખી શક્યા નહી. ભારે ભ્રષ્ટાચાર અને મોંઘવારીથી કંટાળેલી પ્રજા કોંગ્રેસને હરાવવા માટે સંકલ્પબધ્ધ હતી. શ્રી લાલકૃષ્ણ અડવાણી વડાપ્રધાન બનવાના સ્વપ્ર જોઈ રહ્યા હતા, ત્યાં નરેંદ્ર મોદીનો રાષ્ટ્રીય કક્ષાએ ઉદય થયો.ભારતીય જનતા પક્ષનો ભવ્ય વિજય થયો. અડવાણી હાથ ઘસતા રહી ગયા અને શ્રી નરેંદ્રભાઈ ભારતના ચૌદમા વડાપ્રધાન બન્યા. ચૂટણી દરમ્યાન બહુ મોટા મોટા બોર્ડ ચીતરાવેલા તેમાં સૂત્ર હતું. "બહુત ખાઈ મહંગાઈકી માર. અબકી બર મોદી સરકાર." બીજા પણ ઘણા સૂત્રના બોર્ડ હતા પણ એકે યાદ નથી.

શ્રી જવાહરલાલ નહેરુ ભારતના પહેલા વડાપ્રધાન બન્યા અને શ્રી નરેંદ્રભાઈ મોદી ભારતના ચૌદમા વડાપ્રધાન બન્યા. આ બધી સરકારોની કામગીરી હુલ્લડ મુરાદાબાદીએ એક જ દુહામાં દર્શાવી દીધી છે..

વહી ગરીબી ભુખમરી, વો હી ભ્રષ્ટાચાર
બિલકુલ ભી બદલી નહીં યહ ભારત સરકાર

દરેક નેતા ચૂંટણી દરમ્યાન વાતો તો બહુ સરસ કરે છે. પણ સત્તા મળ્યા બાદ આપેલા વચન ભૂલી જાય છે. શ્રી નરેંદ્રભાઈ વડાપ્રધાન બન્યા તે સમયગાળામાં આંતરરાષ્ટ્રીય લેવલે ઓઈલના ભાવ ઘટવા માંડ્યા હતા. એ ઘટાડાનો સીધેસીધો લાભ જો ભારતની પ્રજાને આપવામાં આવ્યો હોત તો દેશને સોઘવારી એટલે શું એનો સાચેસાચ અનુભવ થઈ ગયો હોત અને અત્યારે ચૂંટણી જીતવા કોઈપણ જાતના પ્રચારની તેમને જરુર પડત નહીં. પણ મુરાદાબાદીએ કહ્યું છે કે

કહને કરને મેં તેરે બહુત બડા હૈ ફર્ક
ઈસલિએ તો દેશ કા, બેડા હો ગયા ગર્ક.

ચૂટણીઓ પત્યા ત્રેવીસમી મે ના રોજ મત ગણતરી થશે પછી નવી સરકાર આવશે. જે સરકાર આવશે એ ફરી નવા નવા સ્વપ્નો દેખાડ્શે. શું પ્રજાના ચહેરા પર હાસ્ય આવી શકશે ખરું ? બાકી તો હુલ્લડભાઈ કહી ગયા છે કે-

હુલ્લડ ઈસ સંસારમેં, જિસકો દેખે રોય,
ચંદ લીડરોં સિવા, યહાં હંસે ના કોય.

**જે સરકાર આવશે એ ફરી નવા નવા સ્વપ્નો દેખાડશે, શું પ્રજાના ચહેરા પર હાસ્ય આવી શકશે ખરું ?**